BRAMPTON Flower City
brampton.ca

media release

ત્વરિત જાહેરાત માટે

# બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસે 2019 જ્યોર્જ હિચકૉક મેમોરિયલ ઍન્ડોવમેન્ટ ફંડ અર્પણ કર્યું

## *પોતાના છઠ્ઠા વર્ષમાં, આ ફંડ (ભંડોળ) બ્રેમ્પટનમાં જન્મેલ ઝાકારી ડ્રેન્ટર્સને (Zachary Drenters) આપવામાં આવ્યું છે*

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 7, 2019) – સીટી ઓફ બ્રેમ્પટનના ફાયર/લાઈફ સેફ્ટી એજ્યુકેશન સેન્ટરમાં એક ખાસ અર્પણ સમારોહમાં, બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના ચીફ બિલ બોય્સે (Bill Boyes) વર્ષ 2019 નું જ્યોર્જ હિચકૉક મેમોરિયલ ઍન્ડોવમેન્ટ ફંડ ઝાકારી ડ્રેન્ટર્સને આપ્યું.

ઝાકારી, એક 24-વર્ષીય બ્રેમ્પટનમાં જન્મેલ રહેવાસી, હાલમાં હમ્બર કૉલેજમાં તેના ફાયર સર્વિસીસ પ્રોગ્રામમાં પોસ્ટ-સેકન્ડરી ડિપ્લોમા અભ્યાસ કરી રહ્યો છે, અને તેમનું લક્ષ્ય એક દિવસ ફાયરફાઈટર (લાશ્કર) બનવાનું છે.

ઝાકારી ડ્રેન્ટર્સ અગ્નિશામક સેવાઓમાં કારકિર્દી માટે પોતાના જુસ્સાનો જશ ટોરોન્ટો ફાયર સર્વિસીસમાં 28 વર્ષ સુધી ફાયરફાઈટર તરીકે સેવા આપનાર, પોતાના પિતાને આપે છે.

$1,000 નું મેમોરિયલ ઍન્ડોવમેન્ટ ફંડ બર્સરી (ભંડોળ અનુદાન) ઝાકારી ડ્રેન્ટર્સની ટ્યુશન ફી માટે ફાળવવામાં આવશે.

**જ્યોર્જ હિચકૉક મેમોરિયલ ઍન્ડોવમેન્ટ ફંડ વિશે**

વર્ષ 2014 માં, બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસે સ્વર્ગસ્થ જ્યોર્જ હિચકૉકને સન્માનવા જ્યોર્જ હિચકૉક મેમોરિયલ ઍન્ડોવમેન્ટ ફંડ (યાદગીરી દેણગી ભંડોળ) બનાવ્યું હતું. તેમણે બ્રેમ્પટન ફાયર સર્વિસીસને 33 વર્ષ સુધી સેવા આપી અને ફાયર/લાઈફ એન્ડ સેફ્ટી એજ્યુકેશન સેન્ટરના વિકાસ અને તેની સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

આ બર્સરી (અનુદાન) મેળવવા લાયક બનવા, અરજદાર અચૂકપણે અગ્નિશામક સેવાઓ સંબંધિત કાર્યક્રમમાં ઓન્ટેરિયો પોસ્ટ-સેકન્ડરી ડિપ્લોમાનો અભ્યાસ કરતા બ્રામ્પટન સ્થિત કેનેડિયન નાગરિક (અથવા કેનેડામાં કામ કરવા સક્ષમ) હોવા રહ્યા.

અરજી સમયગાળો જાન્યુઆરી 21 થી એપ્રિલ 30, 2019 સુધીનો હતો. જ્યોર્જ હિચકૉક મેમોરિયલ ઍન્ડોવમેન્ટ ફંડ વિશે વધુ માહિતી મેળવવા, અહીં ક્લિક કરો.

**અવતરણો (ક્વૉટ્સ):**

“હું ઝાકારી ડ્રેન્ટર્સને જ્યોર્જ હિચકૉક મેમોરિયલ ઍન્ડોવમેન્ટ ફંડ મેળવવા બદલ મારા અભિનંદન પાઠવું છું. સમુદાયની સુરક્ષા એ આપણી અગ્રતા છે અને અમે બ્રેમ્પટનના જુવાનો અમારા પ્રયત્નોમાં સામેલ થાય તે માટે પ્રોત્સાહન આપવા ઈચ્છીએ છીએ. આ તેઓનો સમુદાય અને તેઓનું ભવિષ્ય છે.”

- *મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown)*

“બ્રેમ્પટન ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ ઝાકારી ટ્રેન્ટર્સને જ્યોર્જ હિચકૉક મેમોરિયલ ઍન્ડોવમેન્ટ ફંડ આપવામાં ખુશી અનુભવે છે. ફાયરફાઇટર્સની (લાશ્કરોની) આગામી પેઢી જે જોશ દેખાડે છે તે પ્રશંસાને પાત્ર છે. અમે પ્રોત્સાહિત કરીએ છીએ કે વધુ બ્રેમ્પટનવાસીઓ અને આવતા વર્ષે આ બર્સરી માટે અરજી કરનારા લોકો, અગ્નિશામક સેવાઓને કારકિર્દીના માર્ગ તરીકે વિચારે.”

- *બ્રેમ્પટન ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ ચીફ બિલ બોય્સ (Bill Boyes)*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca